જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૦૩/૨૦૧૭ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૩૭/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૪૨ વ્યક્તિઓને ઝડપી, ૩૧૦ લીટર દેશી દારૂ અને ૦૩ ઓટોરીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૫,૧૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૩૮/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૨૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૬૩૯/૧૭

**સેટેલાઇટ** : કોમલ વા/ઓ રવી રામચન્દ્ર રાવ (ઉ.વ.૪૪)(રહે,ધ એડ્રેસ વિક્રમનગરની સામેની ગલીમાં બોપલ આંબલી રોડ, ઇસ્કોન સેટેલાઇટ) એ તા.૨૭/૩/૧૭ નારોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ૨૦૧૧ થી આજદિન સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી વાય.રાજેન્દ્રપ્રસાદ (રહે.સાકેથલોક રેસીડેન્સી, દાનવપીઠા રાજમન્ડરી, આંધ્રપ્રદેશ)નાએ આંધ્રપ્રદેશ ખાતેની જમીનમાં પ્લોટ અંગેની સ્કિમ બહાર પાડી, કોમલબેનનાં ઘરે આવી સ્કિમ સમજાવી વિશ્વાસ અને ભરોસો આપી, તેમની પાસેથી રોકડા રૂપિયા ૩,૫૦,૫૦૦/- તેમજ ચેક અને આર.ટી.જી.એસ.બી રૂપીયા ૨૮,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૧,૫૦,૫૦૦/- મેળવી લઇ, આજદિન સુધી પ્લોટ કે પૈસા પરત નહીં કરી, કોમલબેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.યુ.મસી ચલાવે છે.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૬૪૦/૧૭

**સરદારનગર** : વસંતીબેન વા/ઓ રમેશભાઇ વછેરા (રહે,લક્ષ્મીનગર શર્મા હોંન્ડાઈની સામે નોબલનગર સરદારનગર) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૩/૧૭ કલાક ૧૨/૦૦ થી સાંજનાં ૭/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી તેમજ પેટી પલંગમા મુકેલ સોનાની કંઠી કિંમત રૂપિયા ૩૦,૦૦૦/-, સોનાનુ મંગળસુત્ર કિંમત રૂપિયા ૨૦,૦૦૦/-, સોનાની બુટી કિંમત રૂપિયા ૬,૦૦૦/-, ચાંદીના કડલા કિંમત રૂપિયા ૭,૫૦૦/-, સાડી નંગ-૨૦ કિંમત રૂપિયા ૨,૦૦૦/- તથા રોકડા રૂપીયા ૬૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૨૫,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.બી.ઝાલા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>લુંટ :-</u>** **<u>સમાચાર યાદી નં.૬૪૧/૧૭</u>**

**ઓઢવ** : હમીરારામ ઉર્ફે હરીશ અચલારામ ચૌધરી (ઉ.વ.૨૪)(રહે,ક્રીશ રેસીડેન્સી, ઉમા સ્કુલની બાજુમાં નિકોલ નરોડા રોડ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા-૨૬/૦૩/૨૦૧૭ રાતના ૧૧/૧૫ વાગ્યાનાં સુમારે ઓઢવ વલ્લભનગર બી.આર.ટી.એસ બસ સ્ટેંન્ડ સામે આવેલ ધ્વની હોસ્પીટલ નીચે અજાણ્યા ત્રણ પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) હમીરારામ પાસે આવી “તુ કેમ છોકરીઓની છેડતી કરે છે” તેમ કહી હમીરારામને ચપ્પુ બતાવી, રોકડા રૂપિયા ૫,૦૦૦/- અને સેમસંગ કંપનીનો મોબાઇલ કિંમત રૂપિયા ૯,૦૦૦/- લુંટ કરી પલાયન થઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એન.ખાંટ ચલાવે છે.

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૬૪૨/૧૭</u>**

**શાહીબાગ** : તેજમલજી સંગ્રામજી ઠાકોર (ઉ.વ.૪૭)(રહે,ભાકોદરાવાસ ગામ: ખાડેડા જી:પાટણ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૩/૧૭ નાં કલાક ૭/૩૦ વાગ્યાનાં સુમારે તેઓના જમાઇને સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કરેલ જેઓની સાર-સંભાળ માટે રોકાયેલ જે દરમ્યાન તેજમલજી ન્હાવા માટે સિવિલ હોસ્પીટલ ખાતેનાં જાહેર ખુલ્લા બાથરુમમાં જતાં, તેઓએ પહેરેલ બનીયાન ના ખીસ્સામાં મુકેલ રોકડ રૂપિયા ૫૧,૬૦૦/- અને સેમસંગ કંપનીનો મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૧૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૨,૬૦૦/- મતાની કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એલ.ચૌહાણ ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુ:-</u>** **<u>સમાચાર યાદી નં.૬૪૩/૧૭</u>**

**નરોડા** : અરવિદભાઇ પાલાભાઇ પરમાર (રહે.ચામુંડાનગર નરોડા રેલવે ફાટક પાસે નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૩/૧૭ ના કલાક ૯/૩૦ વાગ્યાનાં સુમારે નરોડા ગેલેક્ષીથી નરોડા પાટીયા રોડ વચ્ચે ગગન હોટલની સામે રોડ ઉપર પોતાનાં પિતા પાલાભાઇ પરમાર (ઉ.વ.૬૫) સાયકલ ચલાવી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક ઓટોરિક્ષા નંબર જીજે.૧.સી.એક્સ.૮૫૩૮ નાં અજાણ્યા ચાલકે પાલાભાઇની સાયકલને ટક્કર મારતાં, પાલાભાઇને માથાના ભાગે ગંભીર ઇજાઓ થતાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.ડી.પરમાર ચલાવે છે.

**<u>કરંટ લાગતાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૬૪૪/૧૭</u>**

**નરોડા** : ઓમી મામાસી શેર (ઉ.વ.૧૯)(રહે.મુળ ગામ-કતાર તા.જોરાથાણા પાડવેર જી.મોરેના મધ્યપ્રદેશ) તા.૨૭/૦૩/૧૭ સવારના ૬/૦૦ વાગ્યાના સુમારે નરોડા જીઆઇડીસી વિશ્વેશ્વરી એન્જી.ના આગળ પાર્ક કરેલ ટ્રક નંબર જીજે.૧૮.યુ.૭૫૯૯ ઉપર સુઇ ગયેલ અને સવારે ટ્રક ઉપરથી ઉઠતા માથાના ભાગે થ્રી ફેઝ નો વાયર અડી જતાં, શોર્ટ લાગતાં બેભાન થઇ ગયેલ, જે ઓમી ને ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહિપતસિહ જશુભા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૬૪૫/૧૭**

**રામોલ** : જ્યોતિબેન ડા/ઓ યુવરાજ એશ્વત (ઉ.વ.૧૭)(રહે,વૈદેહી રેસીડેંસી સુર્ય માગ્રીનની પાછળ આર.ટી.ઓ.રોડ વસ્ત્રાલ) એ કોઇ અગમ્ય કારણસર તા.૨૭/03/૧૭ બપોરના 3/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભીખુભાઈ ભલાભાઈ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)